" પક્ષપાત અને રાગદ્વેશને છોડીને સત્યાસત્યનો
નિર્ણય કરશો.

ओ३म्

वदोऽखिलो धर्ममूलम्

श्रीकृष्ण मीमांसा

सम्पादक

श्रीमानकाव्यतीर्थ शिवशङ्कर शर्माना

નાગરી ઉપરથી ગુજરાતી ભાષાંતર કર્તા.

વૈદિક ધર્મ સેવક જમિયતરામ જેશંકર ભટ્ટ.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

અમદાવાદ આર્ય સમાજ તરફથી.

ત્રીકમલાલ હરીલાલ. અમદાવાદ

અમદાવાદ.

શ્રી "યુનિયન" પ્રીન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં.
મોતીલાલ શામળદાસે છાપ્યું.

પ્રથમાવૃત્તિ ૨૦૦૦ આર્ય સંવત ૧૯૭૨૯૪૯૦૧૦

દયાનંદાબ્દ ૨૮. સંવત ૧૯૬૭.

મૂલ્ય એક આનો.

ઓ૩મ્.

પ્રસ્તાવના.

આર્યસમાજી દુનિયામાં શ્રીમાન ધુરંન્ધર પણ્ડિત શીવશંકર શર્મ્મા કાવ્ય તિર્થ નીવિદ્વતા વીશે લખવું તે સોના ઉપર ઢોળ ચઢાવવા જેવું છે તેઓનું પુસ્તક અમદાવાદ આર્યસમાજના કેટલાક ઉત્સાહી સભાસદોએ વાંચ્યું તેથી તેઓએ આવું અદ્વિતિય અને જ્ઞાનચક્ષુ ઉઘાડ-નાર પુસ્તકનું ગુજરાતી ભાષામાં છપાવવું તેવા નિશ્ચય ઉપર આવી ગયા.

છપાવવાનો નિશ્ચય કર્યો તેટલુંજ નહી પણ મુંમ્બઈ પ્રદેશનું **આર્ય્ય ધર્મ પરિષદ્** જે વડોદરા પાસે રણોલી મુકામે શ્રીમાન આર્ય કુળ ભુષણ મહારાજા શિયાજીરાવના પ્રમુખપણા નીચે ૨૫ મી ૨૬ મી ૨૭ મી ફેબ્રુઆરી ૧૯૧૧ ના દિવસોમાં ભરાવાની છે તેની યાદગા-રીમાં તે દીવસોમાં પ્રકટ થવું જોઇએ.

કેટલાક અનિવાર્ય કારણોને લીધે આર્યધર્મ પરિષદ એકદમ જલદી ભરવાનું નક્કિ થયું તેથી ગણ્યા ગાંઠ્યા દીવસોમાં તેનું ભાષા-ન્તર પ્રુફ સુધારવાં વિગેરેમાં જે કાંઈ ભુલ દોષ માલમ પડે તે વાંચ-નાર ક્ષમા કરશે.

ઉપરના કારણને લીધે આ પ્રથમ ભાગ ઘણીજ ઉતાવળથી પ્રકટ કર્યો છે અને આર્ય ધર્માવલમ્બી તેનો સારો પ્રચાર કરશે તો જલદીથી તેનો બીજો ભાગ જેમાં નીચેના વિષયો આવે છે તે તથા અન્યાન્ય ધાર્મિક ટ્રેકટ છપાવવાને અમદાવાદ આર્યસમાજ શક્તિમાન થશે. શમિત્યોમ્

આ પુસ્તક છપાવવામાં પ્રુફ સુધારવામાં તથા ધારેલી તિથીમાં પ્રકટ થવામાં સહાયભૂત થનાર ત્રીકમલાલને ધન્યવાદ આપું છું અને તેઓનો ઉત્સાહ દીન પ્રતિદીન વૃદ્ધિને પામે તે ઇશ્વર પ્રત્યે પ્રાર્થુ છું.

વૈદિક ધર્મનો એક તુચ્છ
શેવક
જમીયતરામ જયશંકર ભટ્ટ.

બીજા ભાગમાં આવેલા વિષયો.

ઓ૩મ્.

કૃષ્ણ નામનો અર્થ.

દીલગીરીની વાત છે કે લોક પુરાણોના સિદ્ધાન્તોને સમજતા નથી બ્રહ્મા વિષ્ણુ મહાદેવના સાચા સ્વરૂપનું ભાન વેદોમાં થાય છે કે તે એકજ સચ્ચિદાનન્દી લક્ષણવાળા ઇશ્વરના જુદાં જુદાં નામ છે તેવીજ રીતે કૃષ્ણ શબ્દનો ઠીક અર્થ જ્યાં સુધી સમજવામાં આવે નહીં ત્યાં સુધી કૃષ્ણાવતારના ગુપ્ત ભેદની પણ સમજ પડે નહીં. શ્રીમદ્ ભાગવત અધ્યાય ૧૦ નો ૮ મો શ્લોક આ છે.

आसन् वर्णा स्त्रयोह्यस्य गृहणा तोऽनु युगंतनुः।
शुक्लोरक्त स्तथा पीत इदानीं कृष्णतां गतः॥

સત્યયુગમાં ભગવાન શ્વેતરૂપ, ત્રેતામાં લાલરૂપ, દવાપરમાં પીળુરૂપ અને આજકાલ અર્થાત કલીયુગમાં કાળુરૂપ ધારણ કરે છે. **શબ્દ કલ્પદ્રુમ** નામના શબ્દ કોષમાં કૃષ્ણ નામ ઉપર પુરાણોનો ઉપર બતાવ્યાં જેવાં અનેક પ્રમાણ આપ્યાં છે જેમાંથી એક શ્લોક આ પણ છે.

कृते शुक्लं हरिं विद्यात् त्रेतायां रक्त वर्णकम्।
द्वापरे पीत वर्णंच कलौ कृष्णत्वमागतः

ઉપરનાં પ્રમાણોથી સિદ્ધ થાય છે કે કૃષ્ણ શબ્દનો અર્થ કાળો થાય છે. "કાગડો કાળો, કોયલ કાળી કહેવાય છે તેમજ ઉજળું પ્રકાશ પવિત્ર અનુકુળ શુદ્ધ ધર્મ જ્ઞાન વિજ્ઞાન શુદ્ધકાળા, તમો ગુણ વિરૂદ્ધ સત્વગુણ વીગરેના અર્થામાં શુકલ શબ્દનો પ્રયોગ થાય છે અને અશુદ્ધ અપવિત્ર વિરૂદ્ધ વિપરિત પ્રતિકુળ ઉલટુ અપ્રકાશ (અન્ધારૂ) અધર્મ અજ્ઞાન કુસમય અને સત્વગુણથી વિરૂદ્ધ તમોગુણ ઇત્યાદિના અર્થમાં કૃષ્ણ શબ્દનો પ્રયોગ થએલો લાગે છે તેજ કારણથી યશ કિર્તી, જ્ઞાન, ધર્મ આદિનાં રૂપ શ્વેત અને અધર્મ અપયશ અજ્ઞાન કુકર્મ વીગરેનું રૂપ કૃષ્ણ કહેવાય છે તેજ પ્રમાણેથી પાપાદિ અસુરગણોને કૃષ્ણ મૂર્ત્તિ તેમજ દેવગણોની શ્વેત મુર્ત્તિ મનાય છે એમાં પણ ગુણથીજ તાત્પર્ય છે. પૌરાણીક કાળમાં બ્રાહ્મણ પવિત્ર શુદ્ધ, અને શુદ્ર તેનાથી વિપરિત અપવિત્ર અશુદ્ધ ધર્મ્મ કર્મ્મહિન માનવામાં આવે છે તે કારણથીજ બ્રાહ્મણનું રૂપ શુકલ અને શુદ્રનું રૂપ કૃષ્ણ અર્થાત કાળુ કહેવાય છે.

ब्राह्मणानां सितो वर्णः क्षत्रियाणां तुको हितः ।
वैश्यानां पीतको वर्णः शुद्राणा मसित स्तथा ॥

શું—બ્રાહ્મણો શ્વેતજ હોય છે? અને શુદ્રો કાળા હોય છે! નહીં! તેથી સિદ્ધ છે કે અહીંઆં સફેદ અને કાળા શબ્દથી પાર્થિવ રંગનું નહીં પણ અનુક્રમે સાત્વિક અને તમોગુણનું ગ્રહણ થાય છે આટલી પ્રસ્તાવનાથી શ્રીમદ ભાગવતના કથનનો આશય પણ માલમ પડશે. સત્યયુગમાં સત્ય ધર્મ અને સાત્વિક ગુણની પ્રાધાન્યતા હતી તેથી તે યુગના ભગવદવતાર પણ શ્વેતરૂપના અને કલિયુગમાં અસત્ય, અધર્મ અને તમો ગુણની પ્રાધાન્યતા છે તેથી કૃષ્ણાવતાર પણ

કૃષ્ણરૂપ કહેવામાં આવ્યું છે. પરન્તુ ભગવાનનું કાંઇ રૂપ રંગ નથી તેમજ તે રૂપ રંગ બદલાતું નથી તેથી એવું વર્ણનજ સિદ્ધ કરે છે કે એ બધી વાત બનાવટી છે અને તે બનાવટ તે સારૂ કરવામાં આવી છે કે ભગવાનના નામ ઉપરથી યુગ યુગના ધર્મ્મ કર્મ્મ સદાચાર ગુણ, દોષ દેખાડી શકાય. હવે પાઠક વૃંદ તમને માલમ પડ્યું હશે કે શુકલ અર્થાત સફેદ (white) ના વિરૂદ્ધ અર્થમાં કૃષ્ણ શબ્દનો પ્રયોગ છે તેથી સિદ્ધ થયું કે કૃષ્ણ શબ્દનો અર્થ **વિપરિત, વિરૂદ્ધ અધર્મ્મ, પાપ શુદ્રતમ અન્ધકાર અજ્ઞાન કુસમય** આદી છે.

આજ પુરાણોનો મત છે. કૃષ્ણ શબ્દના આજ અર્થોને દૃષ્ટીમાં રાખીને જો આપ કૃષ્ણ ચરિત્રોના ઉપર ધ્યાન આપશો તો દીવા જેવો સાફ તેનો ગુપ્ત ભેદ આપને માલમ પડશે. જે હેતુથી કળીયુગને અઠાડે પુરાણો ઘોર પાપિષ્ટ અત્યાચારી અને કર્મ ધર્મ નાશક માને છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે કૃષ્ણાવતાર જે ભાગવતમાં વર્ણવ્યો છે તે એક કલ્પિત વસ્તુ છે અને તે સમ્પુર્ણ કળીયુગના ધર્મનું નિરૂપણ કરે છે હે! ભારતવાસીઓ!!! ધ્યાન પુર્વક નિસ્પક્ષપાત થઇને ધર્મ જીજ્ઞાસુ થઇને આનો વિચાર કરો! હું મનુષ્ય માત્રના કલ્યાણને માટે આ ગુપ્ત ભેદનો અતિ સંક્ષેપથી પ્રગટ કરૂં છું આપ ગાઈ વગાડી ઠીક લાગે તો ગ્રહણ કરો. અસ્તુ.

ચન્દ્ર વંશ.

અગાઉ બતાવ્યા પ્રમાણે કૃષ્ણ શબ્દનો અર્થ વિપરિત, વિરૂદ્ધ અને શુદ્ર વીગરે છે તેથી જો ધૈર્યથી અને પક્ષપાત રહિત થઇને જોશો તો શ્રી કૃષ્ણચંદ્રનું ચરિત્ર પણ ભાગવતમાં વેદ વિરૂદ્ધ શાસ્ત્ર વિરૂદ્ધ વિપરિત અને શુદ્રના કર્મ સમાન છે. પ્રથમ હું અતિ સંક્ષેપથી

તે ચંન્દ્ર વંશનું ભાગવતાનુસાર વર્ણન કરૂં છું. જેમાં શ્રી કૃષ્ણચંન્દ્રજીનો અવતાર મનાયો છે.

"शशि गुरु तियगामी" એક સમયને વીષે ચંન્દ્રમાએ પોતાના પરમપૂજ્ય ગુરૂ બ્રહસ્પતિની પત્નિ તારાને બળાત્કાર હરણ કરી તેના પતિવ્રતનું ભ્રષ્ટ કર્યું. હવે ધર્મ શાસ્ત્રોમાં ગુરૂ પત્નિની સાથે વ્યવહાર કરવો મહાપાતકમાં ગણ્યો છે. આવા મહાપાપથી બુધની ઉત્પત્તિ થઇ છે. શ્રીમદ ભાગવત ૯ । ૧૪ નવમા અધ્યાયના ૧૪ મા શ્લોકમાં જુઓ એક સમયે મનુજીએ ગુરૂ વસિષ્ટજીને બોલાવી પુત્રેષ્ટી અર્થાત જેનાથી પુત્ર પ્રાપ્ત થાય તેવો યજ્ઞ કરવાને નિવેદન કર્યું. વશિષ્ટજીના યજ્ઞ કરવાથી પુત્રતો ના થયો પણ પુત્રી ઉત્પન્ન થઈ જેનું નામ इला રાખવામાં આવ્યું. પછીથી મનુજીને નારાજ દેખીને તપશ્ચર્યાના પ્રતાપથી તેજ કન્યાને વશિષ્ટજીએ પુત્ર બનાવી દીધી અને ત્યારથી તે સુધુમ્ન કહેવા માંડયો. કદી તે કુમાર બહુ મોટી સેના લઇને વનોમાં શિકાર ખેલતો સુમેરૂ પર્વતની નીચે મહા-દેવના સ્થાનમાં આવી પહોચ્યો. ત્યાં જતાંની સાથે તે આપણો પુત્રી કહો કે પુત્ર કહો તે સધુમ્ન તો પાછો પુત્રી બની ગયો એટલુંજ નહીં પણ તેની સાથેના પુરૂષો પણ સ્ત્રીઓ બની ગયા, જ્યારે સધુમ્ન પોતાની આવી દશા જોઈ એટલે લજ્જયમાન થઈ ગયો અને ફ્જેતો થાય નહીં તેથી પોતાના સાથીઓને પણ સ્ત્રીરૂપમાં પોત્તાની પાસે રહેવાનું સમજાવ્યું અને ત્યાંજ તે રહેવા લાગ્યો. એ સમયને વિષે ઉપર બતાવેલો ચંન્દ્રનો જાર પુત્ર બુદ્ધ ત્યાં જઇને જુવાન સ્ત્રીરૂપ સધુમ્નની સાથે પ્યાર કરી વિહાર કરતો હતો ! અને તેનાથી **પુરૂરવા** પુત્ર ઉત્પન્ન થયો.

હવે મનુજીને એક સમયના વિષે વિચાર આવ્યો હવો કે છોડીનો છોકરો બનાવી આપેલો સદ્યુમ્ન કયાં ચાલ્યો ગયો હશે!

છેવટે ગુરૂજીને બોલાવી પુછયું કે તે કયાં છે, વશિષ્ટજીએ ધ્યાનાવસ્થિત થઈને જોયું તો તે તો પાછો બાયડી બની જઇને એક છોકરો પણ જણી ચુકયો છે!!! મનુજીના કલ્પાન્તને લીધે ગુરૂ વશિષ્ટજીએ મહાદેવ પાસે જઇને તેમને પ્રસન્ન કર્યા. ત્યારે શીવજી બોલ્યા કે તમે જાણો છોજ કે અહીં આવેલો પુરૂષ સ્ત્રી બની જાય છે અને તેમ થયું છે પણ તમે મને પ્રસન્ન કર્યો છે તેથી તે રાજકુમાર હવે પછીથી એક માસ પુરૂષ અને એક માસ સ્ત્રી રહેશે, આ પ્રમાણે સુધુમ્ન ફરીથી રાજધાનીમાં આવ્યો અને પંદર દિવસ બાયડો અને પંદર દીવસ બાયડી બની જાય પણ તેવા રાજાથી પ્રજા અસન્તુષ્ટ રહેવા લાગી તે ઉપરથી **પુરૂરવાને** રાજ્યપાટ સોંપીને સુધુમ્ન વનમાં ચાલ્યો ગયો અને વનમાં જતો રહ્યો તો પણ સુધુમ્નને ત્યાં પરણાવ્યો અને તેથી ઉત્કલ, ગય અને વિમલ ત્રણ પુત્ર થયા. તે **પુરૂરવાનો** પ્રેમ સ્વર્ગમાંથી શ્રાપને પામેલી અપ્સરા **ઉર્વશી** સાથે થયો અને તેનાથી છ પુત્રો થયા તેમાંના એકનું નામ **આયુ** હતું જેનાથી **નહુષ** રાજા થયો અને દેવોએ તેને સ્વર્ગનો રાજા સ્થાપ્યો પણ આ કામી રાજાએ પતિવ્રતા ઈન્દ્રાણીને ભ્રષ્ટ કરવા ધારી અને તેથી રૂષીઓના શ્રાપથી તે અજગર થઇને પડયો, તેને પણ છ પુત્રો થયા તેમાં એક **યયાતી** હતો જો કે **યયાતી** ક્ષત્રી હતો પણ કોઈ કારણથી બ્રહસ્પતીએ પોતાની બ્રાહ્મણ કન્યા **દેવયાની** સાથે **યયાતિનું** લગ્ન કર્યું હતું. તેની સાથે અસુરોના રાજા **વૃષપર્વાની** કન્યા શર્મિષ્ઠા પણ દેવયાની સાથે દાસી થઇને રહેતી હતી.

બ્રહસ્પતિજીએ ખુબ ક્રમ બાંધાવીને યયાતિને ચેતાવ્યો હતો કે મારી કન્યાની દાશી શર્મિષ્ટા સાથે વ્યભિચાર કરીશ તો હું તને સખત સજા કરીશ પણ તે શાનો માને!!! તેથી દેવયાનીને યદુ તુર્વસુ અને બીજી શર્મિષ્ટાથી બ્રહ્મ, અનુ અને પુરૂ ત્રણ પુત્ર થયા અને જયારે બ્રહસ્પતીએ જાણ્યું કે મારી છોડીની દાશીને પણ તેણે બગાડી તો તેને શ્રાપ દીધો કે બસ આજથી તું ડોસો બની જા, હવે તે બ્રહસ્પતિના પગે પડી હાથ જોડીને કહેતા હવો કે દયા કરો, દયા કરો, હજુ હું કામથી તૃપ્ત થયો નથી આપ કૃપા કરો. બ્રહસ્પતિજી પ્રસન્ન થઈ ગયા અને કહ્યું કે મારૂં બોલ્યું અફળ જશે નહીં પણ તું તારી વૃદ્ધાવસ્થા કોઈ યુવાનને આપ અને તેના રાજવાન પુત્રના જોબનથી ભોગવિલાસ કરાશે, તે બુઢા થઈ ગએલાએ પોતાના પુત્રો યદુ, તુર્વસુ વાગેરે સર્વ પુત્રો પાસે તેમનું જોબન માગ્યું પણ જવાન મટી ઘરડા બની જવાનું કોને ગમે, તેથી કોઇએ આપ્યું નહીં પણ નહાના છોકરા પુરૂએ પોતાના બાપની આજ્ઞા માનીને પોતાની જવાની આપી દઇને પોતે વૃદ્ધાવસ્થા લઇને મહા વૃદ્ધ બની ગયો યથા યયાતિ પોતાના છોકરાની જવાની વડે ભોગવિલાસ કરતો હવો. આજ યયાતિના પુત્ર યદુના વંશમાં શ્રી કૃષ્ણચંદ્રનો અવતાર થયો અને તેથી જ તેઓ યદુનન્દન કહેવાય છે ઉપર લખેલી સઘળી કથાઓ ભાગવત નવમ સ્કન્ધમાં વિદ્યમાન છે.

હે ! કૃષ્ણપ્રેમી ભક્તજનો !!! હવે તમે વિચારો ઉપર બતાવેલી સર્વ વાતો વેદ અને શાસ્ત્ર વિરૂદ્ધ છે કે નહીં ? પ્રથમ ગુરૂપત્નિની સાથે સહવાસ કરવો મહા પાતક ગણાય છે.

ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः ॥
महान्ति पातकान्याहुः संसर्गश्चापितैःसह

મનુસ્મૃતિ પણ ચન્દ્રમાને તે મહા પાતકનું ભાન ના રહ્યું આ સર્વથી વધારે પહેલું મહા પાપ ઉત્પન્ન કરનાર શાસ્ત્ર વિરૂદ્ધ છે, હા શોક !!! આવી આવી ગન્દી બિભત્સ કથાઓનો પૌરાણીકો શા સારૂં પ્રચાર કરતા હશે અને તેમ કરવાથી જગતનું શું કલ્યાણ તેઓ ધારતા હશે, બીજું બુધે સધુમ્ન નામની કન્યા સાથે વિહાર કર્યો તે પણ શાસ્ત્ર વિપરિત છે કારણ તેમનાં પરસ્પર લગ્ન થયાં નહોતાં.

ત્રીજું વળી સ્વર્ગની અપ્સરા ઉર્વશી સાથે પુરૂરવા રાજાએ પ્રેમમાં પડવું તે ઘણું અનુચિત છે. ચોથું આ બન્નેથી ઉત્પન્ન થએલા વર્ણશંકર પુત્રને રાજ્ય આપવું પણ મહા અધર્મ છે. પાંચમું **યયાતિ**ને એક બ્રાહ્મણકુમારીથી પરણવું ક્યાં સુધી ધર્માનુકુળછે તે પૌરાણીક-ભાઇઓ સ્વયંમ વિચારે, સાંભળો કે આ કથાઓમાં અજ્ઞાનથી ભરેલી કેટલી વાતો છે. ૬. ચન્દ્રમા એક જડ પદાર્થ છે. નતો તે કોઇની સાથે પ્રેમમાં પડે છે કે નથી તેનાથી કોઈ વંશ ચાલતો. ૭ સાતમું **ઈલા** કદી પુરૂષ થતી હતી કદી સ્ત્રી બની જતી, કદી એક મહીનો પુરૂષ કદી એક મહીનો સ્ત્રી, આ સર્વથા મહાગમ્ય અને અજ્ઞાનથી ભરેલી વાત છે

એ જ પ્રમાણે પોતાની વૃદ્ધાવસ્થા પુત્રને આપી દેવી અને તેનું જોબન લેવું તે કેવી ઘૃણા ઉપજાવે તેવી વાત છે કેવી અશ્લિલ અને આગણુ નાશ કરનાર છે. યયાતિ તે જોબન શા સારૂ લે છે કે હજારો વરસ સુધી કેવળ ભોગ વિલાસ કરૂં અરે! મારા પ્રેમી ભાઇઓ

શા સારૂ આવા અજ્ઞાનમાં ફસીને પોતાનો તેમ જ દેશનો બગાડ કરી રહ્યા છો, આ બધાં મળા ગપ્પાં છે તેને ત્યાગીને સત્ય તરફ જાઓ!! ભવતુ!!!

રાધાકૃષ્ણ શબ્દ.

રાધાકૃષ્ણ શબ્દ પણ વિપરીત અર્થ બતાવે છે કારણ કે સિતા-રામ, લક્ષ્મિનારાયણ, ગૌરીશંકર વીગરે પદોમાં માલમ પડે છે કે પોત પોતી સ્ત્રીની સાથે રામ, નારાયણ, શંકર વીગરે બોલાય છે પણ આ તો પર સ્ત્રી રાધાની સાથે કૃષ્ણ બોલાય છે શું તે વિપરિત શાસ્ત્ર વિરૂધ નહીં! **રાધાજી સાથે કૃષ્ણજીનો વિવાહ થયો નથી** બીજી ગોપીઓની પેઠે તે પણ કોઈ ગોપની સ્ત્રી હતી તેની સાથે કૃષ્ણનો પરમ પ્રેમ થયો અને તેની સાક્ષીમાં **ગીતગોવીન્દ** મોટો પુરાવો છે શ્રી કૃષ્ણજીની વિવાહિત પ્રથમ સ્ત્રી રૂક્ષ્મણી હતી. રૂક્ષ્મણી કૃષ્ણ કોઈ કહેતું નથી હવે હું અમારા બાવિક કૃષ્ણોપાસક બાઇઓને પુછું છુંકે રાધાકૃષ્ણ શબ્દથી કઈ સારી શિક્ષા ગ્રહણ કરાય છે? ઉલટું તેમાં શક નથી કે બિચારી પતિ પારાયક સેંકડો સ્ત્રીઓ આવા દષ્ટા-ન્તથી દુઃખ ભોગવી રહી છે અને હમારા હજારો દેશવાસી લોકો વેશ્યાઓ, દાશીઓ, અને વ્યભિચારણીઓની સાથે નૃત્ય કરી રહ્યા છે વિચારશિલ પુરૂષો ઇશ્વર અને તમારા આત્માને સારૂ કાંઇકિ તો વિચાર કરો! આ રાધાકૃષ્ણ શબ્દ જ શું પોતાનો અધર્મ ભાવ સુચિત કરતો નથી અને આવાં કર્મો દ્વિજનાં હોય કે શુદ્રોનાં?

ગોપિયોની સાથે રાસલીલા.

આ કેવળ ધર્મ વિરૂદ્ધ જ નહીં પણ બિભત્સ રસ વિપરિત રસ

બતાવી રહી છે આ વખતે પુરાણો પ્રમાણે શ્રી કૃષ્ણ બાળક હતા તેનાથી ઉલટું ગોપીઓમાંથી કોઈ જુવાન તો કોઈ બુઢ્ઢી કોઇને બે કોઇને ચાર છોકરાં પણ થઈ ગયાં હતાં આવી સ્ત્રીઓ સાથે કૃષ્ણ ક્રીડા કરતા હતા. ધર્મશાસ્ત્રોમાં લખ્યું છે કે સ્ત્રીથી પુરૂષ દોઢ ગણો મોટો હોય પણ રાસલીલામાં આ નિયમથી સર્વથા વિપરીત જોવામાં આવે છે. અને વધારામાં સદાચાર, મર્યાદા, ધર્મ, કર્મ, પતિની આજ્ઞાનું પાલન વીગેરે જે જે ધર્મ વ્યવસ્થા છે તે બધીનો નાશ થતો જોવામાં આવે છે.

" ता वार्यमाणाः पति भिः पितृभि र्भ्रातृभि र्बन्धुभोः ।
गोविन्दा पहृतात्मानो नन्य वर्तन्त मोहिताः ॥

ભાગવત ૧૦–૨૯ જ્યારે રાતના સમયમાં વનને વીશે વાંસળી કૃષ્ણજીએ વગાડી ત્યારે સર્વ ગોપીઓ પોત પોતાનાં કાર્ય છોડીને પ્રેમ ઘેલી થઇને નાસવા માંડી ત્યારે કોઈ કોઇના પતિ એમના કરતા છતાં અને એમ કહેવા છતાં કે સ્ત્રીઓનો ધર્મ નથી કે રાતને વખતે ઘર બહાર જવું કેટલીકના ભાઈ પિતા દીયર જેઠ જેઠાણીનાં મેહેણાં સાંભળવા છતાં કોઇની વાત ન સાંભળતાં પોતાના પતિઓની શેવા છોડીને તેમની આજ્ઞા માનીને કૃષ્ણજી પાસે ગઇ છે કેટલીકેતો પિતાની પણ આજ્ઞા માની નથી અને ધાવણાં છોકરાંને તરછોડીને લાજ મર્યાદાનો લોપ કરીને કુળ મર્યાદાને પાણીમાં ડુબાડીને સર્વ ગોપીઓ યુવાન અને વૃદ્ધ, કૃષ્ણજી પાસે ગઇઓ ! ! ! ધર્મ પ્રેમિઓ ! આ વાત ઉપર લગાર તો ધ્યાન દોડાવો શું આ તે મર્યાદા પુરૂષોત્તમનાં કામો છે ! હું ફરીથી કહીશ કે **કૃષ્ણ શબ્દનો અર્થ** વિપરિત છે આ

બધી ઉલટી વાતો ધર્મ વિરૂદ્ધ બતલાવી છે, બ્રાહ્મણ તથા સાત્વિક પુરૂષો ફક્ત પોતાની ભાર્યાથી ભોગ વિલાસ કરી સંન્તોષ માને છે પણ તેનાથી વિપરિત શુદ્રો તમોગુણી અધર્મિ કામી પુરષો પરસ્ત્રીઓને જ્યાં સુધી ભ્રષ્ટ કરતા નથી ત્યાં સુધી સન્તોષ પામતા નથી તેથી આવાં આવાં કામો કૃષ્ણ જાતીઓમાં છે શું જાતીઓનાં નહીં અને તેજ કારણથી કૃષ્ણના નામથી આવી લીલાઓ જોડી કહાડવામાં આવી છે તે સત્ય નથી, કોઇ કહેશે કે શ્રીકૃષ્ણ પરમાત્મા હતા તેથી કોઇ દોષ નથી આવ તો ત્યારે હું પુછુછું કે હે ભદ્ર પુરૂષો પરમાત્માને પૃથ્વિ ઉપર આવી ઉલટી ધર્મ કર્મનાશક વાતો દેખાડવાની શી જરૂર હતી. જ્યારે સંસારના નિયમ પ્રમાણે તે ગોપીઓનો વિવાહ થઇ ચુક્યો હતો તો તેઓને પોત પોતાના પતિઓની સેવા કરવાની શીખામણ દેવી યોગ્ય હતી તેમ ન કરતાં તેમની સાથે જારકમ કરીને કીયા ધર્મની સ્થાપના શ્રીકૃષ્ણજીએ કરી ! જેત એમ કોઇ કહે કે આ બધી ગોપીઓ ગોલોક નિવાસી શ્રીકૃષ્ણજીનીજ સ્ત્રીઓ હતી તેથી દોષ આવતો નથી તોપણ કહેવું ઠીક નથી કારણ કે જે પરમાત્મા અનેક કોટી સ્ત્રીઓની સાથે વિલાસ કરે છે તો બ્રહ્મજ થઇ શકતો નથી કેમકે તે નિષ્કામ છે અને તે છતાં કદી થોડીવાર માટે કદી માનીએ કે બ્રહ્મની અનેક સ્ત્રિઓ છે તો તે શુભ સમાચાર પૃથ્વિ ઉપર શા પ્રયોજનથી પહોંચાડાય ! એટલા સારૂ કે પૃથવિ ઉપરનાં મનુષ્યો પણ એવી રીતે હજારો સ્ત્રિઓ રાખીને ક્રિડા કરે તે પ્રયોજનને સારૂ ? નહી તો તે ખબર પૃથ્વિ ઉપર પહોચાડવાની મતલબ શી ? અને આવી વિપરિત લિલા શા સારૂ કરવામાં આવે, ગીતામાં તો શ્રીકૃષ્ણજી કહે છે કે—

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥

જો હું શુભ કર્મ ન કરૂં તો અશુભ કર્મ કરી અધર્મનો ઉદાહરણ બનું તો મારા મારગે જનારા આ સર્વ લોકો ભ્રષ્ટ થઇ જાય અને તે પાપનો ભાગી હું થઉં કારણ કે શ્રેષ્ટ પુરૂષના આચરણ પ્રમાણે બીજાઓ પણ ચાલે છે, હવે કૃષ્ણ ભકતોએ વીચારવું જોઇએ કે પરસ્ત્રિઓની સાથે જારકર્મ્મ કરીને કૃષ્ણજીએ કીયા શુભ કર્મનો માર્ગ બતલાવ્યો. પરિક્ષિત શુકજીને પુછે છે કે—

संस्थापनाय धर्मस्य प्रशमायेतरस्य च ।
अवतीर्णोहि भगवानंशेन जगदीश्वरः ॥
स कथं धर्म सतुनां वक्ता कर्त्ताभि रक्षिता ।
प्रतोपमा चरद् ब्रह्मन् परदाराभि मर्शनम् ॥

૧૦-૩૩ ભગવાને ધર્મની સ્થાપનાને સારૂ અવતાર ધારણ કર્યો તો પરસ્ત્રિઓ સાથે એવો વિપરિત વેહેવાર કેમ કર્યો શુકજીએ સમાધાન કર્યું કે—

" तेजीं यसां न दाषाय चन्हेः सर्व भुजो यथा "

ઘણા જ શોકની વાત છે કે આવા આવા જવાબથી અજ્ઞાની મનુષ્યો ધોખામાં આવીને અધર્મ સાગરમાં ડુબે છે તેમ જ અગ્નિ સુર્ય ગંગાજીના દાખલા બતાવી કહેવું કે સમર્થને કોઈ દોષ નથી એ કેવી અન્યાયની વાત છે અગ્નિ વીગરે જડ પદાર્થ છે તેમને વળી દોષ શો? પણ સુદ્ધાન્તને દોષ નથી. દોષ તો સમર્થ મનુષ્યને માટે

છે અને ધર્મ કર્મના મર્યાદા મનુષ્યને સારૂ જ બંધાઈ છે તો મનુષ્ય યોનિમાં આવા આવું અન્ધારૂ કૃષ્ણે કેમ ફેલાવ્યું ! ભાગવત બનાવનાર કહે છે કેઃ—

" तमेव परमात्मानं जार बुद्धापि सङ्गताः "

ભા. ૧૦ ૨૮ ગોપિઓ જાર (દુરાચાર) બુદ્ધિથી કૃષ્ણની શરણાંગત આવી હતી તે છતાં મુક્ત થઈ ગઈ જેથી ભાગવત બનાવનાર પણ તેને જાર કર્મ જ સમજતો હતો તે આથી સિદ્ધ થાય છે. ઓ ધર્મ્મ પ્રેમિઓ સાચી વાત તો એ છે કે નતો કોઈ આવો કૃષ્ણાવતાર થયો નતો તેવી લીલાઓ થઈ, ભાગવત રચાયું તે વખતે આ દેશની સ્થિતિ એ હતી કે, રાજા કે પ્રજા બધા ઘોર પાપમાં ફસેલા હતા દેશ દેશની સ્ત્રિઓ એકઠી કરી આ દેશના મદોન્મત પુરૂષો તેમની સાથે જુદી જુદી જાતના દુરાચાર કરતા હતા. અને તેનું જ ચિત્ર કોઈ કવિએ ખેંચી કહાડયું છે. કારણ કે કાળ, સમય (Time) ને પણ વિષ્ણુપુરાણ ભાગવત આદિને ઇશ્વર જેવો માન્યો છે એટલે માનો કે કાળ જ આવું ઘોર રૂપ ધારણ કરીને વિપરીત કાર્ય કરતો કરાવતો રહ્યો અને પાછળથી કવિનો યથાર્થ ભાવને ન સમજતાં લોક પરમાતમાને તેવા માનવા લાગ્યા અથવા દુરાચારી, કામી, સ્વાર્થી, ટુંકી નજરવાળા કોઈ પુરૂષોએ મોટાનાં ઉદાહરણ ને પ્રમાણ અને સાક્ષી દેખાડવા સારૂ આવી આવી કથાઓ ઘડી બેસાડી, હે! ભારતના ભુષણરૂપ પુરૂષો જરા ધ્યાન દઇને વીચારો આવા ખરાબ દાખલાઓનો ખોટો પ્રભાવ દેશ ઉપર કેવો ખરાબ પડયો છે માટે થોડું પણ જન કલ્યાણ કરવા સારૂ સાહસ કરો અને આવી ઘૃણિત પાપજનક લીલાઓ બંધ કરાવો.

ચીર હરણ.

આ એવું તો અશ્લિલ અવર્ણનિય અને લખતાં શરમ આવે તેવું વર્ણન ધર્મનાશક છે કે હું તેનો ઉલ્લેખ કરી શકતો નથી પણ તે જ ચિરહરણની છબીને બિભત્સ ગણીને અમૃત સર પોલીસે તે ચિત્રોની જપ્તી કરી હતી અને વેચનારને માજીસ્ટ્રેટ આગળ ઉભો કર્યો હતો માટે તેનો વિચાર કરવાનું પરિક્ષકોને સુંપું છું, કોઈ કોઈ તો કહે છે કે નાગી થઈને કન્યાઓ જળમાં સ્નાન કરતી હતી તેથી તેમને દં[illegible] અથવા ઉપદેશ આપવા આવી લીલા રચી ત્યારે કોઈ કહે છે કે એ કુમારી કન્યાઓ કૃષ્ણને સ્વામિ થવાને સારૂ પ્રાર્થના પૂજા પાઠ કરતી હતી તેથી તેમનો મનોરથ પુરો કરવામાં આવ્યો. પણ તેમ કહેવું વ્યાજબી નથી કારણ કે બલરામજીએ પોતે ગોપિઓ સાથે જળમાં ધૃણિત ક્રિડા કરી છે શું આ મહા દોષ નથી? વળી વિવાહ પહેલા આ કુમારીઓ સાથે આવો ધૃણા ઉપજાવે તેવો વ્યવહાર કરવો તે પરમાત્માને માટે શું શોભા આપે છે? ધર્મના તર્પ્યાં પુરૂષો વાત કહે છે કે ગાય, ભેંશ, બકરી ચરાવનાર નીચ જાતના ને અજાણ્યા નહાનાં નહાનાં છોકરાઓમાં આજે પણ એવી એવી બુરાઈ મશકરી હાસ્ય ગામડામાં થાય છે અને આવા જ દૃસ્યનું કવીએ ચિત્ર ખેંચ્યું છે અને જે આવી લીલા કરે તે અવસ્ય કૃષ્ણ કહેવાય કારણ કે કૃષ્ણ શબ્દનો અર્થ જ વિપરીત કર્મ કરાવનાર કાળ ધર્મ છે એમ માનો અને કાળ જ ભલાઈ અને બુરાઈ કરી રહ્યો છે.

કુબ્જા.

આ કંસની દાસી હતી ક્યાં તો ત્રણ જગેથી વાંકી કુરૂપા જુ-

વાન દાસી કુબ્જા! અને ક્યાં નહાની ઉમરના બાળ કૃષ્ણ! પણ આ બન્નેમાં પણ અપૂર્વ રહસ્ય અપૂર્વ રતિ વિલાસ! શું આ સર્વથા સર્વ પ્રકારે વિરૂદ્ધ આચરણ નથી? જેમકેઃ—

ભાગવત ૧૦ અધ્યાયના ૪૮ માં કહ્યું છે કે—

अथ विज्ञाय भगवान् सर्वात्मा सर्व दर्शनः ।

सैरंध्याः कामतप्तायाः प्रिय पिच्छन् गृहं ययो ॥ २

आहूय कान्तां नवसंगमह्रिलेया विशङ्कितां कङ्कण भूषते करे ।

प्रगृह्य शय्या मधिवेश्य रामया रमेऽनुल पार्पण पुण्य केशया ॥१॥

साऽनङ्ग तप्त कुचयोरु रसस्तथाऽक्ष्णो जिघ्रन्यनन्त चरणेनरुजो मृजन्ती दोर्भ्यां स्तनान्तरगतं परिरभ्य कान्त मानन्द मूर्ति मजहादति दीर्घतापम् હું જગત હીતેચ્છુ સર્વભારતવાસીઓને સવિનય નિવેદન કરૂં છું કે આવી આવી વ્યભિચાર લિલાને બન્ધ કરવાને પુરો પ્રયત્ન કરે સ્વાર્થી પેટભરા લોકોએ ભાગવતનો ઘેર ઘેર પ્રચાર કર્યો છે, અને આપણા ગુજરાતમાંતો ભાદરવા મહીનામાં પોળે પાળે ચકલે ચકલે અને મંન્દીરે મન્દીરે પાપી પેટ સારૂ પોતે મનમાં ન માને તો પણ મનુષ્યરૂપી પક્ષીને જાળમાં ફસાવવા ભાગવતના પોથાં લઇને સંભળાવે છે તેથી આદેશ વાસીઓએ અને વેદ ધર્મના ચોકીદારોએ આવાં આવાં અનેક પુસ્તકોદ્વારા ભલાભોળા જાળમાં ફસેલા લોકોને તે જાળમાંથી છોડવવા જોઇએ છે. અસ્તુ વળી આવી આવી ગન્દી બિભત્સ કથાઓ સાંભળીને હજારો અજ્ઞાન અજાણ કન્યાઓનો સર્વનાશ થયો છે। જેમકે સુબોધ ચિન્તામણી-* વાળા કવી પોપટ કહે છે કે—

બાલોઇ વગાડે વન વિશે વાંસળી જો,
જાગી ઝબકીને ગોપી સુર સાંભળી જો;
સુતો સ્વામિ મુકીને નીજ સોડમાં જો,
આવી કૃષ્ણજીની પાસે પુરા કોડમાં જો.
એવી છાપ આપો આપ મનમાં પડે જો,
હૈયું કેમ રહે સ્થિર રહી શાર ખડે જો;
ગાઈ ગાઇને વાળ્યોરે મન આંકડો જો,
અને જોઇએ સુંદિર વર શામળો જો,
ગમે કેમ પતિ હાલમાં નહીં રાંકડો જો.

કૃષ્ણજીની રાસલિલા દાણ ચોરી **સુબોધ ચિન્તામણી** જેવાં ગીતો ગવાવાથી કેટલાં શુદ્ધ હ્દય બગડ્યાં હશે ? અને કુમારીઓ અજ્ઞાન હોવાથી તેઓ ક્ષમાને પાત્ર છે પણ જેઓ જાણીને ભાગવતનો પ્રચાર કરે તથા કરાવે તેમનેજ માથે આ મહાન પાપ છે, આવાં તિક્ષણ ઝેરથી આજકાલના જુવાન સ્ત્રી પુરૂષોએ સદાચાર વૃક્ષને જડથી ઉખાડી નાંખ્યું છે અને જમાનો વિષયી પામર દિનપર દિન થતો જાય છે.

પુતનાવધ.

સૌથી પહેલાં કૃષ્ણજીએ દુધ પાતી એક સ્ત્રીની હત્યા કરી છે કેવું આશ્ચર્ય ! ! ! આ શ્રી કૃષ્ણજીની સર્વ લીલાઓનો ગુપ્તભેદ પ્રકટ કરી દેછે આ પૂતના છળથી કૃષ્ણને દુધ પાવા (ધવરાવવા) ના હેતુથી આવી હતી ધાવતાં ધાવતાં તેના પ્રાણ શ્રીકૃષ્ણજીએ હરી લીધા તેથી મહા વિકટરૂપ ધારણ કરી મેઘના જેવી ગર્જના કરતી કરતી પૃથ્વિ ઉપર આવીને પડી તેથી ગોકુળમાં હાહાકાર મચી ગયો. ચારે તર-

રથી હજારો લોક એકઠા થઈ ગયા આનું વિસ્તારથી વર્ણન ભાગવતમાં છે પણ **પુતના શું સાચે સાચી કોઇ સ્ત્રી હશે?** ના! ભાગવત પોતેજ કહે છે કે તે તો કેવળ બાળકોને નહાનપણમાં થતી બીમારીનું નામ છે જેમકે—

डाकिन्यो यातु धान्यश्च कुष्माण्डायेऽर्भक ग्रहाः ।
भूतं प्रेतं पिशाश्च यक्ष रक्षो विनायकाः ॥ २७ ॥
कोटरारेवती ज्येष्ठा पूतना मातृकादयः ।
उन्मादायेह्य पस्मारा देहप्राणेन्द्रियद्रुहः ॥ २८ ॥

ઈત્યાદિ ભાગવત ૧૦–૬ માં છે. ડાકની, ભુત, પ્રેત, ઈત્યાદિ અને કોટરારેવતી જ્યેષ્ટા પૂતના અને માતૃકા (જે છોકરાંને શરીર ઉપર બળીયા ઓરી વીગેરે નીકળે છે જેને માતા નિકળ્યાં કહેવાય છે) વીગેરે ઉન્માદ રોગ અપસ્માર (મૃગી, થઇ,) આદિ અનેક રોગ જે સર્વ બચપણમાં થઈ આવે છે તેને ભાગવત કહે છે કે એ સર્વ બાળકોને થાય છે તેથી સિદ્ધ થાય છે કે પૂતના કોઈ સાચે સાચી સ્ત્રી હતી નહીં, પણ જુઓ કે તેનો કેવો વિસ્તાર કરી વર્ણન કર્યું છે. આ એકજ ઉદાહરણથી બીજી પણ કથાઓ રૂપકમાત્ર છે. પણ યથાર્થ નથી, આ એ હેતુથી દેખાડવામાં આવ્યું છે કે નીચ જાતિઓનાં બાળકોને કોઈ ગ્રહ, ડાકનિ, શાકિની, ભૂત, પ્રેત, કાંઈ નડતું નથી, તેમને એકાએક કોઈ રોગ થતો નથી, સ્વચ્છ વાયુ, અંગ મેહેતન અને પરિશ્રમ કરવો પડે તેવા ખેતી વીગેરેના ધંધાનાં સ્ત્રી, પુરૂષો સખત મેહેનત કરે છે તેવા વંશમાં જન્મ લેવાને લીધે તેમનાં છોકરાં જન્મથીજ નિરોગ હોય છે, આપણે પણ જોઇએ છીએ કે કોળી,

ભીલ, દુબળા વીગેરેની સ્ત્રીઓ જંગલમાં છોકરાં જણે છે અને જન્મે ત્યારથી તેમનાં છોકરાં ખુલ્લા મેદાનમાં ગર્મી, શરદી, હવા, આંધી, વરસાદ સેહેતાં સેહેતાં રહે છે પણ તેમને કશો ઉપદ્રવ થતો નથી પણ તવંગરનાં છોકરાંને રોજ સારવાર સંભાળ ઘણી હોવા છતાં રોજનાં રોજ રોગી રહે છે, આજ ચિત્રને ધ્યાનમાં રાખી કૃષ્ણના નામથી આ બધી લિલાઓ રચાઈ છે. કૃષ્ણ નામજ નીચ, કોળી, ભિલ વીગેરે શુદ્ર જાતીઓનાં છે.

તૃણાવ્રત વીગેરે.

હવે આ સર્વનો ભાવ પણ ખુલ્લો જ છે વા વંટોળીયાનું નામ તૃણાવર્ત છે કારણ કે ઘાસનાં નહાનાં તરખલાં આંધીમાં ઉંચે ચઢી જાય છે અને તે માત્રનું ઉપલક્ષણ છે આંધી, તોફાન વીગેરે ઉપદ્રવો પણ તે કોળી, ભીલ વીગેરે કૃષ્ણજાતિનાં બાળકોને હાની પહોંચાડી શકતાં નથી, એમનાં કોઈ છોકરાં માટી પણ ખાતાં શીખે છે, ગાડાં ઉપરથી પડી જાય છે અને પશુ પેઠે ઝાડ સાથે બાંધવામાં આવે છે તથા માતા પિતા કામ કરતાં રહે છે પણ તેમને કશું નુકશાન પહોંચતું નથી, તે ઉપરથી શ્રી કૃષ્ણજીની સાથે મૃતિકા ભક્ષણ લીલા શકટભંજન લીલા, દોરડાંથી બંધાવવું, નેતરાંથી હાથ પગ બંધાવવા વીગેરે લીલાઓ દેખાડવામાં આવે છે આ સર્વ કૃષ્ણજાતિઓના સામાન્ય ગુણોનું ફક્ત વર્ણન છે, કોઈ પરમાત્માનું નહીં.

વત્સાસુર, વૃષભાસુર આદિનો વધ.

આ સર્વ લિલાઓ પણ શાસ્ત્ર વિરૂદ્ધ વાતો બતાવે છે કારણ કે વાછડાં બેલ, ઘોડા, ગધાડાં, બગલાં વીગરે પશુ પક્ષીઓને માર-

નારા નિચ જાતિઓના શુદ્ર જ હોય છે વત્સાસુર " **तं वत्स रूपिण विस्य** " વાછડો હતો, **વૃષભાસુર** બેલ હતો " **मही महा ककुत्कायः**" **કેશી** ઘોડો હતો " **केशी तु कंस प्रहितः खुरैर्मही महाहयो निर्जरयन्मनोजवः** " **धेनुक** ગધાડો હતો " **असुर रासमः** " અને **બકાસુર** બગલો હતો. " **बकरूप घृष्क** વિગરે પ્રમાણ દશમ સ્કન્ધમાં **જોઈ** લ્યો, યદી કોઈ કહે કે તે સર્વ ઉપદ્રવી અસુર હતા વત્સ બેલ વીગરે નહી તો હું પુછુંછું કે તેમનાં રૂપ તો બેલ ઘોડા વીગરેનાં જ હતાં ને, **પુનર્જન્મ** ને માનનારા આજ પણ કોઈ ગાય બેલને મારીને ઝટ કહી દે છે કે આ પૂર્વ જન્મનાં અસુર હતાં તેથી મેં તેમને મારી નાંખ્યાં છે તેથી મને કોઈ દોષ લાગતો નથી. હું પુછુંછું કે જ્યારે તે ગૌ વૃષભ વીગરેના રૂપમાં તે અસુર હતા તો તેને રૂપમાં ન મારતાં તેમના અસલ રૂપમાં લાવીને તેમને કેમ માર્યા નહીં? શું વૃષભ રૂપમાં કોઈને મારીને ધર્મ્મશાસ્ત્ર અનુસાર તે પ્રાયશ્ચિત ભાગી નહીં થાય? તેથી આ સર્વ લિલાઓ પણ કૃષ્ણ જાતિઓનાં કર્મ સુચવે છે, ભારત વર્ષમાં જ આજ પણ કેટલીક જાતિઓ છે જે ઘોડા બેલ, ભેંસ, ગીદ, સાપ, બગલાં વીગરે પશુપક્ષીઓ મારી મારીને પોતાનો નિર્વાહ કરે છે. આમાં કૃષ્ણ કર્મના કરનાર નિશ્ચક, શુક્લ, શ્વેત ઉજળાં (white) નહીં કહેવાય પણ કૃષ્ણ કાળાં (black) તમો ગુણી, શુદ્ર ઇત્યાદિ નામોથી બોલાશે અને તેથી આ બધાં કૃત્યો પણ કૃષ્ણલિલામાં શામિલ કરવામાં આવ્યા છે, આપ વિચાર તો કરો કે, અન્ય યુગોમાં પણ અસુર પુરાણોમાં વર્ણવેલા છે. રામાવતારમાં એક જ અસુર મૃગ રૂપમાં આવ્યો હતો તે પણ મરણ કાળમાં પોતાના રૂપમાં પ્રકટ થયો હતો, આ જ પ્રમાણે **નાગ નાગણી** નાગદમનની લિલા પણ સમજજો દરરોજ સેંકડો નિચ જાતિના

લોક આપોની સાથે ખેલ કરતા માલુમ પડે છે તેઓ પણ કૃષ્ણ જ કહેવાશે.

એક વાત એ પણ ધ્યાનમાં લેવા જેવી છે કે લગભગ બધી લિલાઓ બાળ અવસ્થાની કહેવામાં આવે છે તે ઠીક જ છે પશુ ચરાવનાર આજ પણ એવા એવા ઉપદ્રવ કરતા રહે છે.

પરન્તુ તેમને કોઈ પણ પરમાત્મા સમજતું નથી. હા એમાં સન્દેહ નથી કે પુરાણ પ્રમાણે કૃષ્ણરૂપ મહાકાળ (time) જ એવાં એવાં વિપરિત કર્મ કરાવી રહ્યો છે. આ ભાવને ન સમજતાં કૃષ્ણાવતારની લિલાઓને કંઈ જુદીજ રીતે માની રહ્યા છે તે ઠીક નથી.

શ્રીકૃષ્ણજીના ૮ આઠ વિવાહ.

કૃષ્ણજીએ ગોપિઓ સાથે ખુબ લિલા કરી છે, ચિત્ર હરણ કુંવારિઓનો રસ લુંટયો. કુબ્જાએ પણ સંગમનો સ્વાદ ચાખ્યો. બ્રાહ્મણોની સ્ત્રીઓથી પણ અપૂર્વ પ્રેમ લગાડયો, પણ હજુ સુધી વિવાહ થયો નહોતો, હવે વિવાહની લિલા સાંભળો, ૧ સર્વથી પહેલાં રૂક્ષમણી સાથે વિવાહ છે પણ તે વિવાહ રાક્ષસવિવાહ હતો. રાજા પરિક્ષિત પૂછે છે કે,

" भगवान् भिष्मक सुतां रुक्मिणी रुचिरानना ।
राक्षसेन विधानेन उपयेम इति श्रुतम् ॥१८॥ भा. १०५२

રૂકમણી સાથે શ્રીકૃષ્ણે રાક્ષસ વિધિથી વિવાહ કર્યો છે એવું સાંભળવામાં આવ્યું છે. રૂકમણી પોતે કહે છે કે,

" मां राक्षसेन विधिनो द्वह वीर्यशुल्काम् "

જામ્બુવતી રામાવતારના સમયમાં જે જામ્બુવાન નામનો વાનર હતો તેની કન્યા હતી આથી વાંચનાર સમજી શકશે કે તે જામ્બુવતી માનુષી નહોતી પણ વાનરી હતી, અને ક્યાં ત્રેતાયુગ ક્યાં વાનર જાતી ! અને ક્યાં કલિયુગ, અને ક્યાં મનુષ્યજાતિના પુત્ર શ્રીકૃષ્ણ; પણ તેમની વચ્ચે વિવાહ સબંધ થયો ૩ ત્રીજી **સત્યભામા** સત્રાજીત નામનો એક આદમી હતો સુર્યે તેને એક દિવ્ય મણી આપ્યો હતો લોકોએ તે મણી શ્રીકૃષ્ણજીને આપી દેવા કહેલું પણ તેણે તેમ કર્યું નહીં. તેનો ભાઈ પ્રસેન આ મણી પહેરીને વનમાં ચાલ્યો ગયો ત્યાં તેને સિંહે મારી નાંખ્યો, અહીંઆ દ્વારકામાં એવી ગપ ઉડી કે શ્રીકૃષ્ણેજ પ્રસેનને મરાવી મણી રાખી લીધો, પછીથી કૃષ્ણજી વનમાં જઇને તે મણી લાવ્યા અને યાત્રાજીતને તે મણી આપીને કલંકમાંથી છુટયા. ત્યારે સત્રાજીને શરમઇને પોતાનો દોષ મટાડવાને સત્યભામાથી કૃષ્ણનો વિવાહ થયો. ૪ ચોથી સ્ત્રી કાલિન્દિ છે આશ્ચર્યની વાત છે કે તેની ઉત્પત્તિ સત્યયુગમાં સૂર્ય ભગવાનથી થઈ હતી અને એટલા બધા દહાડાથી સૂર્યે કન્યાદાન કર્યું નહોતું અને જમનાંજીના જળની અંદર એક સુંદર મેહેલ બનાવી તે કૃષ્ણજીની લાલસાથી તપશ્ચર્યા કરતી હતી કૃષ્ણાવતારમાં તેનો પણ મનોરથ પુરો થયો. ક્યાં તો સત્યયુગ અને ક્યાં કલિયુગ શું ઉત્તમ સંયોગ છે, ૫ પાંચમી **મિત્રવિન્દા** હતી. આતો વળી શ્રીકૃષ્ણજીની ફૈઈ રાજાધિ દેવીની કન્યા હતી તેને રાજાઓના દેખતાં દેખતાં બળાત્કારથી કૃષ્ણજી હરણ કરી ગયા—

"રાજાધિ દેવ્યાસ્તનયાં મિત્રવિન્દાપિ તૃષ્વસુઃ ।
પ્રસહ્ય હૃતવાન્ કૃષ્ણોરાજાન્ રાજ્ઞાં મપશ્યતામ્ ॥

૨૦ ॥ ૫૮ ॥ ૩૧ ॥

આ વિવાહ સર્વથા શાસ્ત્ર વિરૂદ્ધ છે ૬ છઠ્ઠી **સત્યા નગ્ન જિત** રાજાની તે કન્યા હતી " સાત સાંઢોને જીતશે તે મારી કન્યાને વરશે. તે કોઇ રાજાથી આ કામ થયું નહીં, શ્રી કૃષ્ણજીએ સાતે સાંઢોને જીતી સત્યાથી વિવાહ કર્યો,

" શ્રુત કીર્ત્તેઃ સતાં ભદ્રા મુપયેમ પિતૃષ્વસુઃ

૭ સાતમી **ભદ્રા** આ એ પણ શ્રીકૃષ્ણની ફોઇ શ્રુતકીર્ત્તિની કન્યા હતી—

૮ આઠમી લક્ષ્મણા હતી આને પણ શ્રીકૃષ્ણજી હરણ કરીને લાવ્યા હતા.

(૧૬૦૦૦ સોળહજાર કન્યાઓની સાથે કૃષ્ણનો વિવાહ.)

ભૌમાસુર નામનો એક રાક્ષસ હતો તેણે અહીંથી તહિંથી છીનાવી લઇને ૧૬૦૦૦ હઝાર કન્યાઓ પોતાને માટે ભેગી કરી રાખી હતી તેને મારીને સઘળી સાથે કૃષ્ણજીએ લગન કર્યા આ બધી વાતો પ્રસિદ્ધ છે તેથી સારરૂપે દેખાડી છે.

સમિક્ષા.

કવિ પોતાના સમયમાં જે થતું આંખોથી જોયું વિવાહની ઘટનાઓ અથવા કહો કે સ્ત્રીઓની દુર્દશા નજરે જોતો હતો તેનું પુરેપુરૂ ચિત્ર ખેંચીને કૃષ્ણ વિવાહની વ્યાજ સ્તુતીથી બતાવ્યું છે. કૃષ્ણજીના વિવાહમાં વિવિધ પ્રકારની વિપરિત વાતો જોવામાં આવે છે કવિનો ભાવ એવો છે કે કલિયુગમાં એક સ્ત્રી વિવાહ શાસ્ત્રો વિહિત નથી હોતો. કોઇ તો રાક્ષસ વિવાહ કરે છે, જેવો કે રૂકમણી

વીગેરેનો કૃષ્ણુની સાથે થયો છે. કોઇ તો સર્વથા શાસ્ત્ર વિરૂદ્ધ ભગિની બેહેનની સાથે વિવાહ કરે છે જેવી કે મિત્રણિન્દા તથા ભદ્રાજીનો વિવાહ થયો અર્થાત પોતાની ફઇની કન્યા હોવા છતાં ભદ્રાજી સાથે કૃષ્ણનો વિવાહ થયો.

કોઇ કોઇના વિવાહ પોતાથી ત્રણ ગણી ચાર ગણી ઉમર વાળી કન્યાની સાથે થાય છે જેમકે શ્રીકૃષ્ણનો વિવાહ એ એક નાની જામ્બુવતિ અયે સત્યયુગની કાલિન્દી સાથે થયો હતો. કોઇનો સમર્થથી વિપરિત ગુણ સ્વભાવવાળી સાથે વિવાહ થાય છે. વર સુન્દર હોય છે તો કન્યા કુરૂપા અને જો કન્યા સુન્દર હોય છે તો વર અતિકરૂપ જેવા કે વાનરી જામ્બુવંતિ સાથે કૃષ્ણની જોડી પરસ્પર વિપરિત ગુણવાળી છે. આ પૃથ્વિ ઉપર કોઇ કોઇ રાજા તથા ધન મદમાં આંધળા થએલા એવા પણ પુરૂષો છે કે જેમણે પોતે સમજણા થયા ત્યારથી મરતાં સુધી ફક્ત સ્ત્રીઓની સાથે ભોગ વિલાસ કરવાનુંજ સુઝે છે એવા દુરાચારી પુરૂષો દેશે દેશથી કન્યાઓ લાવી રાત દહાડો વિહાર કરી થોડી ઉમરમાં ક્ષિણ આયુપના થઇને મરી જાય છે જેવો કે ભોમાસુર ૧૬૦૦૦ સોળ હજાર કન્યાઓને ભેગી કરી તે પછી મરી ગયો અને જેમ તે કન્યાઓ સાથે કૃષ્ણનો વિવાહ થયો.

આ સઘળું **કૃષ્ણ અર્થાત તમો ગુણવાળા મહાકાળ**ની લિલા દેખાડવામાં આવી છે તે કોઇ અમુક વ્યક્તિની નથી વળી અહીંઆં એ પણ જોવામાં આવે છે ફઇ મામી વીગરે નજીકનાં સગાંની કન્યાઓથી વિવાહ વ્યવહાર નિચ જાતિઓમાં સાધારણ રીતે થાય છેજ તેવી રીતી ભારત વર્ષમાં ચાલી આવે છે વળી નિચ વર્ણોમાં સાંઢો સાથે ખેલ કુદ કરીને તેને જીતે તેને કન્યા પરણાવી દેવાનો રીવાજ નિચ જાતિઓમાં હતો બળદો સાથે કુસ્તી કરી કન્યા પરણવી તે

તે ઉપરથીજ વાચક વૃંન્દ સમજી શકશે કે કઇ જાતિઓની એ રીત રિવાજનું વર્ણન કવિએ કર્યું છે અને તેથીજ **કૃષ્ણ નામ** સાથે આ બધી વિવાહ સબન્ધી સારી લિલાઓની રચના કરવામાં આવી છે.

વેદશાસ્ત્ર સમ્પન્ન ધુરંધર પણ્ડિત શ્રી શીવશંકર શર્મ્મા કાવ્યતિર્થ મિથિલા નિવાસીની સમ્મત્તિ તથા ચેલેન્જ
(chalange)

હું માનું છું કે બ્રહ્મ વૈવર્ત વિષ્ણુ પુરાણ ભાગવત વીગરેમાં જેમાં જે કૃષ્ણનું વર્ણન છે તે કદી થયા નથી. તે વિરૂદ્ધાચારી નાસ્તિકોની બનેટી કહાટેલી વાતો છે અથવા મહાઘોર કલિયુગ (જેવા કે તે કવી કાલિને સમજતો હતો) નું વર્ણન રૂપકદ્વારા કરેલું છે તેથી જેમને વેદો શાસ્ત્રો સદાચારથી વિમુખ થવું હોય અને ફક્ત સાંસારિક ભોગોમાં ફસીને સર્વથા વિરૂદ્ધાચારી બનવું હોય અને ધર્મના નામથી ભોળા ભલાં માણસોને ખુબ પેટ ભર લુંટવા હોય તેમણે કૃષ્ણોપાસક અને ભાગવત ધર્માવલંબી થવું, દાખલા તરીકે એકલું નાથદ્વારા અને પુષ્ટિ માર્ગ અને વલ્લભાચારી ગોસાંઇઓનાં છીનાળાં. મહારાજા લાઇબલ કેસ અને હોળીનો રંગ બસ છે, હાં હું એ પણ માનું છું કે વેદોના રૂષીઓમાંથી એક **કૃષ્ણ** નામના રૂષી પણ થયા છે અને બીજે આઙ્ગિરસ ઘોર નામના રૂષીના શીષ્ય સુપ્રસિદ્ધ, વિજ્ઞાની ધાર્મિક યોગી, દેવકી પુત્ર કૃષ્ણ થયા તે (છાંન્દોગ્ય ઉપનિષદ ૩–૧૭) સંભવ છે કે બીજા પણ કંઇ એક કૃષ્ણ નામવાળા વીર, બહાદુર યોગી મહાયોગી પણ થયા હોય પરન્તુ પૌરાણિ કૃષ્ણ ન તો કદી થયા છે અને નહીં કે પૃથ્વિ ઉપર એવી લીલાઓ દેખાડવાને આવવાને ભગવાનને કોઇ આવશ્યક્તા છે. હું સમ્પુર્ણ ભારતવાસી વૈષ્ણવ શક્તિ શૈવ ગાણુપત્યમતાવલંમ્બી અને આજ કાલ સનાતન શબ્દ

લઇને હલ્લા મચાવનાર પત્રો, ભારત, વિર ભારત, સનાતન ગેઝેટ બ્રાહ્મણ સર્વસ્વ, સનાતન ધર્મ છતાકા, શ્રી૦ વંકટેશ્વર સમાચાર, વીગરે પત્રોના સમ્પાદકોને સવિનય નિવેદન કરૂં છું કે તેઓ આ કૃષ્ણ લિલાઓ ઉપર પુરંતુ લક્ષ આપે અને વિચાર કરી આ વિરૂદ્ધાચારનો મૂલોચ્છેદન કરવાને માટે કટિબંધ થાય જેથી દેશ વાસાઓ સદા-ચારી થઇ વૈદિક માર્ગમાં ચાલ્રી ઐહિક આમુષ્મિક બન્ને સુખોના ભાગી થાય, **અગર જો આ કૃષ્ણ લિલાઓને સત્ય માનતા હોય તેમજ તેથી ભલાઇ સમજતા હોય તો તેની સત્યત્તા અને વેદાનુકુળ સિદ્ધ કરે.**

ઓ !!! રૂપી સંતાનો શા સારૂ આપ સર્વ ભ્રમમાં પડ્યા છો તમારા પરમમાન્ય તો ચાર વેદ છે અને તે પરમાત્માના પરમપવિત્ર વચન છે બીજા બધાને ત્યાગીને તેની શરણમાં આવો.

ओम् हिरण्य मयेन पात्रेण सत्यस्यापि हितं मुखं ।
तत्वं पुषन्नपा वृणु सत्य धर्माय दृष्टये ॥ यजू ॥

પ્રથમ ભાગ સમાપ્ત.

અમદાવાદ આર્યસમાજમાં વેચાતા પુસ્તકાનું સૂચીપત્ર.

સત્યાર્થ પ્રકાશ.	રૂ. ૧—૮—૦
રૂગ્વેદાદી ભાષ્યભુમિકા.	રૂ. ૧—૪—૦
સંસ્કાર વીધી.	રૂ. ૧—૦—૦
વલ્લભકુળ ચરિત્ર દર્પણ.	રૂ. ૧—૦—૦
વલ્લભકુળ છળકપટ દર્પણ.	રૂ. ૦—૧૨—૦
વલ્લભકુળ દમ્ભ દર્પણ નાટક.	રૂ. ૦—૮—૦
બ્રહ્મયજ્ઞ.	રૂ. ૦—૬—૦
ગર્ભાધાનવીધિ.	રૂ. ૦—૬—૦
આદર્શ સુધારક દયાનંદ.	રૂ. ૦—૫—૦
થીઓસોફી તંત્ર.	રૂ. ૦—૫—૦
આર્યાભિવિનય.	રૂ. ૦—૪—૦
ધર્મસભાનું ધતીંગ.	રૂ. ૦—૪—૦
ભાગવત સમીક્ષા.	રૂ. ૦—૪—૦
વ્યવહારભાનું.	રૂ. ૦—૩—૦
સ્વર્ગમાં મહાસભા.	રૂ. ૦—૩—૦
વેદોક્ત સત્યનારાયણની કથા.	રૂ. ૦—૩—૦
આર્ય સંવત.	રૂ. ૦—૨—૦
ઉન્નતિનુદ્ધાર.	રૂ. ૦—૨—૦
ભાટીયાની ગુરૂ ભક્તિ.	રૂ. ૦—૧—૬

ભજનામૃત. રૂ. ૦—

બ્રહ્મચારી નિત્યાનંદજીના ૪ વ્યાખ્યાન. રૂ. ૦—૧

શંકા પ્રશ્નોત્તરાવળી. રૂ. ૦—૧

સામાજીક પ્રોત્સાહ. રૂ. ૦—૧

આર્યસમાજ શું છે, ગુરૂમંત્ર વ્યાખ્યા, બ્રહ્ના …ં, મુર્તિપ્રકાશ, વેદ સૌથી પ્રાચીન છે, વેદ શું છે, શ્રાદ્ધની આવશ્યકતા, ઇશ્વરને તેની પ્રાપ્તી, મુર્તિપુજા વેદ વિરૂદ્ધ છે, દરેકની કીમત. રૂ. ●—

ગ્રહણ મહાત્મ, નિયોગ પુનર્લગ્ન, પ્રણવવ્યાખ્યા પંચ મલાયજ્ઞાવીધી, પુરાણ કોણે રચ્યું, પુરાણમાં શૈવવૈષ્ણવ ઝઘડો, પુરાણમાં દશહજાર મુસલમાનોની શુદ્ધિ, ઇસુ પરીક્ષા, પુરાણઉત્પત્તિ, વૈદીક લગ્ન ઉમર દરેકના. રૂ. ૦—●—૬
